
સ્વઅધ્યયનપોથી

ભાગ
4

ધોરણ
9







વિદ્યાર્થીનું નામ _____ રોલ નંબર _____

શાળાનું નામ _____ વર્ગ _____

11 ભારતનું ન્યાયતંત્ર

પ્રશ્ન-1 'અ' વિભાગની વિગતોને 'બ' વિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ખાલી જગ્યામાં લખો :

(1) (A)	ઉત્તર	(B)
(1) સર્વોચ્ચ અદાલત	1 _____	(A) ગુજરાત
(2) લોકઅદાલતનો સૌપ્રથમ પ્રયોગ	2 _____	(B) તાલુકા અદાલત
(3) સૌથી નીચલી કોર્ટ	3 _____	(C) રાજ્યપાલ
(4) જિલ્લા ન્યાયાધીશની નિમણૂક	4 _____	(D) દિલ્હી
		(E) મુખ્યમંત્રી

પ્રશ્ન-2 નીચે આપેલા વિધાનો વાંચી ખરા વિધાન સામે (✓) અને ખોટા વિધાન સામે (✗) નિશાની કરો.

1. સરકારનું ત્રીજું સ્વતંત્ર અંગ કારોબારી છે. ☐
2. સર્વોચ્ચ અદાલત ટોચના સ્થાને આવેલી છે. ☐
3. ગુજરાતની વડી અદાલત ગાંધીનગરમાં આવેલી છે. ☐
4. વડી અદાલત એક કે વધુ રાજ્યો વચ્ચેના ઝઘડા કે વિવાદનું નિવારણ કરવાની સત્તા ધરાવે છે. ☐
5. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અથવા નિર્ણયો કાયમી દસ્તાવેજો ગણાય છે. ☐
6. લોકઅદાલત સોમવારના દિવસે તાલુકા મથકે યોજવામાં આવે છે. ☐

પ્રશ્ન-3 કૌંસમાં આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

1. ન્યાયતંત્રમાં મધ્યમાં ..... અદાલત આવેલી છે. (સર્વોચ્ચ, જિલ્લા, વડી)
2. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિવૃત્તિની મુદ્દત ..... વર્ષની હોય છે. (58, 60, 65)
3. ભારતમાં આજે પણ પંજાબ, હરિયાણા અને ..... વચ્ચે એક જ વડી અદાલત છે. (રાજસ્થાન, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ)
4. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને દૂર કરવા સંસદના બંને ગૃહોના ..... સભ્યોની બહુમતીએ દરખાસ્ત પસાર કરવી પડે છે. (1/2, 2/3, 3/2)
5. રાજ્યના પ્રત્યેક જિલ્લાની દીવાની અદાલતોને ..... રૂપિયા સુધીના દાવાઓ સરકારે કરેલા કે સરકાર સામેના કેસો ચલાવવાની સત્તા છે. (એક લાખ, બે લાખ, પાંચ લાખ)

પ્રશ્ન-4 આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રશ્ન સામે આપેલ ☐ માં લખો :

1. સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશને દૂર કરવાની કાર્યવાહીને શું કહેવાય છે? ☐

   (A) મહાભિનિષ્ક્રમણ (B) મહા આયોજન

   (C) મહા સંમેલન (D) મહાભિયોગ

2. સર્વોચ્ચ અદાલતમાં એક મુખ્ય ન્યાયમૂર્તિ ઉપરાંત કેટલા ન્યાયાધીશોની સંખ્યાની જોગવાઈ કરી છે? ☐

   (A) 27 (B) 28 (C) 29 (D) 30

3. વડી અદાલત બાબતે કયું વિધાન ખોટું છે? ☐

   (A) પંજાબ, હરિયાણા, ચંદીગઢ રાજ્યો વચ્ચે એક જ વડી અદાલત છે.

   (B) વડી અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક વડાપ્રધાન કરે છે.

   (C) વડી અદાલતોના ન્યાયાધીશોની મુદ્દત 62 વર્ષની હોય છે.

   (D) વડી અદાલતોના ન્યાયાધીશોની ભારતના કોઈપણ રાજ્યમાં બદલી કરી શકાય છે.

4. નીચેનામાંથી કયું વિધાન સર્વોચ્ચ અદાલતનું છે? ☐

   (A) રાજ્યો વચ્ચેના મતભેદો કે તકરારોના ઉકેલ લાવવાની સત્તા છે.

   (B) ભારતના તમામ રાજ્યોમાં સર્વોચ્ચ અદાલત આવેલ છે.

   (C) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની મુદ્દત 60 વર્ષની હોય છે.

   (D) સર્વોચ્ચ અદાલતનું કામકાજ ગુજરાતી ભાષામાં થાય છે.

5. લોકઅદાલતોમાં કયા કેસોનું નિવારણ લાવવામાં આવે છે? ☐

   (A) સંરક્ષણ (B) રાજ્યોના ઝઘડાના પ્રશ્નો

   (C) વાહન-અકસ્માત (D) બંધારણીય અર્થઘટનના

પ્રશ્ન-5 નીચે આપેલ પ્રશ્નોનાં એક-બે શબ્દમાં જવાબ આપો :

1. ગરીબો અને સમાજના નબળા અને શોષિતોને ઝડપી અને સસ્તો ન્યાય મળે તથા ન્યાયમાં થતો વિલંબ નિવારવા માટે બનેલી અદાલત : _____

2. નીચે આપેલી અદાલતોને ચડતા ક્રમમાં ગોઠવો.
   (જિલ્લા અદાલત, તાલુકા અદાલત, સર્વોચ્ચ અદાલત, વડી અદાલત)

   _____

3. જ્યારે અદાલતને સૌ પ્રથમ જ તકરાર સાંભળીને નિર્ણય આપવાની સત્તા : _____

4. જાહેર હિતને સ્પર્શતા કાયદાનો પ્રશ્ન, હકીકતનો કોઈ પ્રશ્ન, બંધારણીય અર્થઘટનનો કોઈ પ્રશ્ન, કોઈ ખરડાની કાયદેસરતાને લગતા પ્રશ્નો પર રાષ્ટ્રપતિ કોની સલાહ મેળવે છે?

_ _ _ _

(vi) તાબાની અદાલતો : _____

_____

_____

પ્રશ્ન-7 નીચેનાં પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ આપો :

1. ભારતીય ન્યાયતંત્રનું મહત્ત્વ સમજાવો.

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

_____

2. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની લાયકાત જણાવો.

_____

_____

_____


_____

_____

3. વડી અદાલતના અધિકાર ક્ષેત્રો વિશે માહિતી આપો.

4. ન્યાયતંત્રની સ્વતંત્રતા સમજાવો.

પ્રશ્ન-8 નીચેના રેખાંકિત નકશામાં ભારતના કયા કયા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વડી અદાલત નથી તે શોધીને દર્શાવો.



પ્રશ્ન-9 નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તાર આપો :

1. ભારતની ટોચની અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્ર વિશે જણાવો.

2. ભારતની વડી અદાલતની રચના અને તેના ન્યાયાધીશોની લાયકાત વિશે જણાવો.

14 વાડી પરનાં વહાલાં

વિભાગ-A

(અ) યોગ્ય જોડકાં જોડી ફરીથી લખો :

	(અ)	(બ)
1.	વાડી પરનાં વહાલાં	(1) લાભશંકર ઠાકર
		(2) ઈસ્માઈલભાઈ નાગોરી
2.	વાડી પરનાં વહાલાં	(1) રેખાચિત્ર
		(2) નિબંધ

(બ) ખાલીજગ્યા પૂરો :

3. જંતુજગતના દર્શન માટે ..... સમય વધારે યોગ્ય છે.

(બપોરનો, દિવસનો, રાતનો શાંત)

4. વાડીમાં ક્યારેક ક્યારેક ..... પ્રાણીઓનાં દર્શન થઈ જાય છે.

(શેઢાળી-શેળા જેવાં, ઘોરખોદિયાં ને ભૂંડડાં જેવાં, દીપડા ને સિંહ જેવા)

5. ઢોર માટે ચીવટવાળા હોય તે ..... માફક સૂવે. (કાકાની, મામાની, માતાની)

(ક) એક વાક્યમાં ઉત્તર લખો :

6. કયાં જીવજંતુઓનો અવાજ રાત્રિના શાંત વાતાવરણને ભરી દે છે ?

.....

7. કુદરતના કાફલાને વાડી શું આપે છે ?

.....

(ડ) ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :

8. ચોમાસાના નવરાશના દિવસોમાં છોકરાં કઈ રીતે આનંદ મેળવે છે ?

.....

.....

.....

9. ઝડપથી પતાવવાના કેવાં કેવાં કામ માટે, લોકો એકબીજાને ત્યાં જાય છે ?

.....

.....

.....

10. રાતના સમયે ક્યાં ક્યાં જીવ-જંતુ જોવા મળે છે ?

.....

.....

.....

11. વાડીની આસપાસમાં બાળકો શું શું જુએ છે ?

.....

.....

.....

(ઈ) આઠ-દસ વાક્યોમાં ઉત્તર લખો :

12. વાડીના જલસાને તમારા શબ્દોમાં વર્ણવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

13. વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકેટલાં જગત હોય છે ? તે આ પાઠના આધારે લખો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

14. ખેડૂતના જીવનમાં વાડી કેવી રીતે ઓતપ્રોત થયેલી હોય છે તે તમારા શબ્દોમાં વર્ણવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

વિભાગ C : વ્યાકરણ વિભાગ

● **નીચેના પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો.**

15. કૌંસમાંથી સાચી જોડણી શોધીને લખો :

(1) ચીરસમરણીય, ચિરસ્મરણિય, ચીરસ્મરણીય, ચિરસ્મરણીય .....

(2) નીન્દરા, નીંદ્રા, નિદ્રા, નિન્દ્રા .....

(3) અનીવારય, અનિવાર્ય, અનીવાર્ય, અનિવર્ય .....

16. સંધિ છોડો :

(1) સંતોષ : .....

(2) સંગ્રહ : .....

(3) વાતાવરણ : .....

17. રેખાંકિત સંજ્ઞાના પ્રકાર ઓળખાવો :

(1) એ <u>માન્યતા</u> પણ સાવ ગઈ નથી. .....

(2) ક્યારેક <u>દીપડા</u> કે <u>સિંહ</u>ના પણ દર્શન થઈ જતા હોય છે. .....

(3) મોડી <u>રાત</u> સુધી હર્ષનાદો થતા સંભળાય છે. .....

18. સમાનાર્થી શબ્દ શોધીને લખો :

(1) કાફલો (વાહનો, સંઘ, પૂર) .....

(2) વણિયલ (વાઘજેવું પ્રાણી, કૂતરાં જેવું પ્રાણી, બિલાડી જેવું પ્રાણી) .....

(3) સંગ્રામ (યુદ્ધ, શાંતિ, હડતાલ) .....

(4) આવાસ (મેદાન, રહેઠાણ, જંગલ) .....

(5) આહ્લાદ (દુઃખ, આનંદ, સંતાપ) .....

19. વિરુદ્ધાર્થી શબ્દ લખો :

(1) લીલી × .....

(2) ભપકો × .....

(3) અંકુશ × .....

(4) કોલાહલ × .....

20. નીચેના શબ્દોમાં કયો પ્રત્યય રહેલો છે તે લખો :

(1) સાહસિક : (પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એક પણ પ્રત્યય નહિ) .....

(2) ખાટલી : (પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એક પણ પ્રત્યય નહિ) .....

22. નીચે આપેલા શબ્દોનાં લિંગ ઓળખાવો :

(1) દર્શન (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(2) કુદરત (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(3) મોસમ (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(4) નોળિયો (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(5) ચોપાટ (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(6) આનંદ (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

23. નીચેના વાક્યોમાંથી અલંકાર ઓળખાવો :

(1) મોસમે મોસમની મોજ લોકો માણી જાય છે. (રૂપક અલંકાર, વર્ણાનુપ્રાસ, ઉપમા અલંકાર)

.....

(2) રાતે પણ ઢોરને માટે ચીવટવાળા હોય તે સૂએ તો બાળકવાળી માતાની માફક જ !

(ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક)

.....

(3) વાડી જાણે નાના-મોટા જીવોનું સંગ્રહસ્થાન

(ઉત્પ્રેક્ષા, ઉપમા, રૂપક)

.....

23. નીચેનાં વાક્યમાંથી વિશેષણ શોધો :

(1) પાંચ માણસો ભેગા કામ કરતા હોય છે.

.....

(2) વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકેટલાં જગત હોય છે ?

.....

(1) વાડી પર આ પ્રસંગો વધારે દીપી ઊઠે છે ?

.....

24. નીચેનાં વાક્યમાંથી સર્વનામ શોધો :

(1) રાની માંજરો પણ ત્યાં જ રહેતા હોય છે. .....

(2) તેના એ પોતે પણ અગત્યના ભાગ જેવા જ છે. .....

25. નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખો :

(1) બચલાં : .....

(2) કાળોતરો : .....

(3) માંજર : .....

(4) ઢાલ : .....

(5) સાંઠીકડું : .....

વિભાગ D : લેખન વિભાગ

26. નિબંધલેખન કરો :

પ્રકૃતિના ખોળે - એક કલાક

.....

.....

.....

.....

.....

.....

.....

.....

3 BE THE BEST

Section A

If you can't be a pine on the top of the hill,
Be a scrub in the valley - but be
The best little scrub by the side of the rill;
Be a bush if you can't be a tree.

1. Write the rhyming words in the stanza.

⇒ _____

2. If you can't be a tree,.....

⇒ _____

3. If you can't be a pine....

⇒ _____

4. What does the poet advise if you can't be a pine on the top of the hill?

⇒ _____

If you can't be a bush, be a bit of the grass,
And some highway happier make;
If you can't be a muskie then just be a bass -
But the liveliest bass in the lake!

5. Write the rhyming words in the stanza.

⇒ _____

6. If you can't be a bush, ...

⇒ _____

7. What does the poet advise if you can't be a muskie?

⇒ _____

If you can't be a highway then just be a trail,
If you can't be the sun, be a star;
It isn't by size that you win or you fail -
Be the best of whatever you are !

8. Write the rhyming words in the stanza.

⇒ _____

9. What does the poet say about success and failure?

⇒ _____

16 આબોહવા


પ્રશ્ન-1 'અ' વિભાગની વિગતોને 'બ' વિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ખાલી જગ્યામાં લખો :

(A)	ઉત્તર	(B)
1. મૌસમ	1 _____	(A) ગુજરાત
2. માવઠું	2 _____	(B) નૈઋત્યકોણીય પવનો
3. આમ્રવૃષ્ટિ	3 _____	(C) ઉનાળુ
4. ઑક્ટોબર હીટ	4 _____	(D) મોસમી પવનો
5. અરબ સાગરથી આવતા મોસમી પવનો	5 _____	(E) શીતઋતુ
		(F) કેરળ

પ્રશ્ન-2 નીચે આપેલા વિધાનો વાંચી ખરા વિધાન સામે (✓) અને ખોટા વિધાન સામે (✗) નિશાની કરો.

1. આબોહવા એ હવામાનની લાંબાગાળાની સરેરાશ પરિસ્થિતિ છે. તો હવામાન એ ટૂંકાગાળાની વાતાવરણીય પરિસ્થિતિઓ છે. ☐

2. નીચેનું ચિત્ર ખરું છે કે ખોટું? તેનો જવાબ આપો. ☐



3. પૃથ્વી સપાટીથી ઊંચે તરફ જતા 165 મીટરે 1°C અથવા તો સરેરાશ 1000 મીટર પર 6.8 °C તાપમાન ઘટે છે. ☐

4. ભારતમાં પરંપરાગત રીતે છ ઋતુઓ ગણવામાં આવે છે. ☐

5. શિયાળો - શિશિર, ઉનાળો - વસંત તો, ચોમાસું - હેમંત ☐

6. હિમાલયમાં જ્યારે હિમવર્ષા થાય છે ત્યારે ત્યાંથી ઠંડી અને ભારે હવા ઉત્તર ભારતમાં મેદાન તરફ ધસી આવે છે. પરિણામે મેદાનો સહિત રાજસ્થાન-ગુજરાતમાં ઠંડીનું મોજુ ફરી વળે છે. ☐

7. ઉનાળામાં મલબારના કિનારે થતો વરસાદ કેરીનાં પાકને નુકસાન પહોંચાડે છે. ☐

8. વર્ષાઋતુમાં ભારતમાંથી પસાર થતા વંટોળો અહીં વરસાદ લાવવામાં સહાયક બને છે. ☐

9. ભારતમાં વર્ષાઋતુમાં વરસાદની અનિયમિતતા અને અનિશ્ચિતા ભારતીય અર્થતંત્ર માટે પડકારરૂપ બને છે. ☐

10. મૌસીનરમથી 16 કિમી દૂર આવેલા ચેરાપુંજીમાં દુનિયાનો સૌથી વધુ વરસાદ થાય છે. ☐

પ્રશ્ન-3 કૌંસમાં આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

1. 21 જૂને સૂર્યનાં કિરણો ઉત્તર ગોળાર્ધમાં ..... પર લંબરૂપે પડતા હોય છે.

(કર્કવૃત્ત, મકરવૃત્ત, વિષુવવૃત્ત)

2. ચોવીસ કલાકમાં પડતા મહત્તમ વરસાદનાં સ્થળ તરીકે જાણીતુ મૌસીનરમ ..... રાજ્યમાં આવેલું છે. (નાગાલેન્ડ, મિઝોરમ, મેઘાલય)

3. બે ક્રમિક અક્ષાંશો વચ્ચે ..... કિ.મી.નું અંતર આવેલું છે. (111, 117, 165)

4. ઉનાળા દરમિયાન વૈશાખ અને જેઠ મહિનામાં ભારતમાં ..... ઉષ્ણઋતુ અનુભવાય છે.

(વસંત, ગ્રીષ્મ, હેમંત)

5. જો હેમંત-શિયાળામાં, વસંત-ઉનાળામાં તો શરદ ..... આવે છે. (શિયાળા, ઉનાળા, ચોમાસા)

6. મધ્ય એશિયા તરફથી આવતા અતિશય ઠંડા પવનોને રોકી ..... ભારતને સખત ઠંડીથી બચાવે છે.

(હિમાલય, જેટ સ્ટ્રીમ, પશ્ચિમી વિક્ષોભ)

7. દક્ષિણ ભારત માટે ..... મહિનો સૌથી ગરમ હોય છે. (જાન્યુઆરી, માર્ચ, મે)

8. ભાદરવી તાપ એટલે ..... (નોર્વેસ્ટર, ઓક્ટોબર હીટ, લૂ)

પ્રશ્ન-4 આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રશ્ન સામે આપેલ ☐ માં લખો :

1. જે-તે પ્રદેશની 35 વર્ષ કે તેથી વધુ વર્ષોની વર્ષાઋતુ, ઉનાળા કે શિયાળાનાં સરેરાશ હવામાનની પરિસ્થિતિ પરથી ..... નક્કી કરવામાં આવે છે.

(A) વાતાવરણ (B) આબોહવા

(C) હવામાન (D) આમાંથી એક પણ નહિ

2. ઋતુ પ્રમાણે દિશા બદલીને ચાલતા પવનો એટલે

(A) મોસમી પવનો (B) લૂ

(C) નોર્વેસ્ટર (D) નૈઋત્ય ખૂણાનાં પવનો

3. દક્ષિણ ભારતની સમ આબોહવાનું કારણ શું છે?

(A) દ્વીપકલ્પીય સ્થિતિ (B) જમીનથી ખૂબ દૂર અંતર

(C) ઊંચાઈ (D) ત્યાંના જંગલો

4. ભારતમાં સૌથી ઓછો વરસાદ મેળવતો પ્રદેશ કયો છે?

(A) કાશ્મીર (B) દક્ષિણ ભારત (C) રાજસ્થાન (D) પૂર્વોત્તર ભારત

5. ઉત્તર ગોળાર્ધનાં ઉષ્ણકટિબંધીય ગુરુદાબપટનાં કારણે ઉત્પન્ન થતા અને પૃથ્વીનાં ધરીભ્રમણને કારણે મરડાઈને વિષુવવૃત્ત તરફ વાતા પવનો કયા નામે ઓળખાય છે?

(A) પશ્ચિમિયા પવનો (B) મોસમી પવનો (C) વ્યાપારી પવનો (D) પ્રતિ વેપારી પવનો

6. બાલુભાઈ તેમનાં બાળકો સાથે ભારતનાં પૂર્વઘાટનો પ્રવાસ કરી પશ્ચિમનાં મેદાનોમાં થોડોક સમય રોકાય છે. તે જ સમયે મે માસમાં તેઓ હોટેલથી બહાર ફરવાનું આયોજન કરતા જ હોય છે અને બહાર વરસાદ ચાલુ થઈ જાય છે. તો તેઓ પશ્ચિમનાં મેદાનના કયા ભાગમાં રોકાયા હશે?

(A) કોરોમંડલ તટ (B) મલબાર તટ (C) ગુજરાતનાં મેદાનો (D) નીલગિરિ ટેકરીઓ

7. ભારતમાં વરસાદ લાવતા પવનો કયા છે?

(A) નૈઋત્યના મોસમી પવનો (B) ઈશાનનાં સૂકા પવનો

(C) પશ્ચિમિયા પવનો (D) પાછા ફરતા મોસમી પવનો

8. ચાલુ વર્ષાઋતુ દરમ્યાન ઘણા દિવસો સુધી વરસાદ ન પડી ફરી પાછો વરસાદ થાય તો કઈ ઘટના કહેવાય?

(A) વરસાદનો ક્રમભંગ (B) ઑક્ટોબર હીટ (C) નાર્વેસ્ટર (D) કમોસમી વરસાદ

9. તમે દિલ્લીથી નીકળો છો ત્યારે ખૂબ ગરમી અનુભવો છો પરંતુ બૅંગાલુરુ પહોંચતા ગરમીમાં ઘટાડો અનુભવો છો તેનું કારણ શું?

(A) બૅંગાલુરુનું દ્વીપકલ્પીય ભારતમાં સ્થાન (B) દિલ્લીમાં ઉનાળાનો સમયગાળો

(C) દિવસ-રાતનું અંતર (D) મુસાફરી દરમ્યાન દિલ્લી-બૅંગાલુરુનું અંતર

10. ભારતની ખેતીને ખેડૂતનાં નસીબનો જુગાર કેમ કહેવામાં આવે છે?

(A) વરસાદની અનિયમિતતા-અનિશ્ચિતતા (B) પૂર-દુકાળ વખતે સરકારી સહાય

(C) ખેતમજૂરોનું શહેર તરફ સ્થળાંતર (D) ખેડૂતોની રહેણી-કરણી

પ્રશ્ન-5 નીચે આપેલ પ્રશ્નોનાં એક-બે શબ્દમાં જવાબ આપો :

1. ચોવીસ કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ મેળવતું સ્થાન : _____

2. પાછા ફરતા મોસમી પવનોના અંગ્રેજી માસ : _____

_____

3. પશ્ચિમ એશિયા ઉપર રચાતો જેટ સ્ટ્રીમ પૂર્વ દિશામાં વાતા ધૂળનાં તોફાનો, હિમવર્ષા, વરસાદ થાય તો તે :

_____

4. ગુજરાતમાં શિયાળામાં થતો વરસાદ : _____

5. ગુજરાતમાં સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં અકળાવનારો તાપ : _____

પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો :

1. નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો.

(i) મોસમી પવનો : _____

_____

_____

(ii) આમ્રવૃષ્ટિ : _____

_____

_____

(iii) વરસાદનો ક્રમભંગ : _____

_____

_____

(iv) ભાદરવી તાપ : _____

_____

_____

(v) નૈર્ઋત્યનાં મોસમી પવનો : _____

_____

_____

2. જેટ સ્ટ્રીમ શું છે?

---

3. કોરોમંડલ તટ પર શિયાળામાં વરસાદ થાય છે? શા માટે?

---

4. સમુદ્રથી દૂર જતા આબોહવા કેમ વિષમ બને છે?

---

5. ભારતનાં નકશામાં ચેરાપુંજી અને મૌસીનરમ સ્થળો બતાવી, તેમની વચ્ચે અંતર બતાવો.



6. ભારતમાં કયા પવનો વરસાદ લાવે છે?

પ્રશ્ન-7 નીચેનાં પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ આપો :

1. ઋતુ પરિવર્તન કેમ થાય છે?

2. ભારતીય હવામાન ખાતાની માહિતી તમારા શિક્ષકની મદદથી મેળવો અને લખો.

3. આબોહવા અને હવામાન વચ્ચે શું ભેદ છે? સમજાવો. આબોહવા-હવામાનનાં તત્ત્વો લખો.


4. ભારતમાં જનજીવન પર આબોહવાની સીધી અસર પડે છે અને અર્થતંત્ર વરસાદ પર જ આધાર રાખે છે. સમજાવો.

5. સમુદ્રથી અંતર અને ઊંચાઈ આબોહવા પર કેવી રીતે અસર કરે છે? જણાવો.

પ્રશ્ન-8 નીચેનાં પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ આપો :

1. આબોહવા પર અસર કરતા પરિબળોની સવિસ્તાર ચર્ચા કરો.

2. ભારતનાં ઋતુચક્રની આપેલ આકૃતિમાં પ્રશ્નાર્થ ચિન્હોની જગ્યાએ ખૂટતા શબ્દો મૂકો :


ઋતુચક
શિશિર
?
ડિસેમ્બર
જાન્યુઆરી
પોષ
?
નવેમ્બર
માગશર
ફેબ્રુઆરી
?
ઓક્ટોબર
કારતક
?
?
?

4. ભારતીય મોન્સુન પર અસર કરતા નિમ્ન પરિબળોની વિસ્તૃત સમજ માટે પુસ્તકાલય, ઈન્ર્ફોમેશન ટેક્નોલૉજીનો ઉપયોગ કરી ટૂંકી નોંધ તૈયાર કરો.

(1) ITCZ

(2) અલ-નીનો-લા'નીનો

(3) જેટ સ્ટ્રીમ

(4) પશ્ચિમીય વિક્ષોભ

15 ગોદ માતની ક્યાં ?

વિભાગ-B

(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :

(અ) કૃતિ	(બ) કર્તા
1. ગોદ માતની ક્યાં ?	(1) નાથાલાલ દવે
	(2) ચન્દ્રકાન્ત શેઠ

(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો :

2. કવિની દૃષ્ટિએ છત અને છત્ર કરતાં વિશેષ મૂલ્યવાન ..... છે.
(માની છાયા, માનો પાલવ, માની ગોદ)

3. કવિને શિયાળામાં હૂંફ ..... રીતે મળે છે.
(તાપણું કરી, શાખામાં સૂવાથી, માતાની લાગણીથી)

4. સૂરતાલ અને સંગીત કરતાં વધારે મધુર ..... છે. (માની માયા, માની સોડ, માનો ટહુકો)

5. રસ્તા અને રાહી મળશે ..... માની ક્યાં ? (રાહત, આહક, આંખો)

(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :

6. 'હાજર હાથ હજાર હોય' વાક્યનો અર્થ જણાવો.
.....

7. માતાની છાયાને કવિ કોની સાથે સરખાવે છે ?
.....

8. 'ગોદમાતની ક્યાં ?' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.
.....

(ડ) નીચે આપેલ પ્રશ્નો ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :

9. માની આંખો કોનાથી વિશેષ મૂલ્યવાન છે ? શા માટે ?
.....
.....
.....
.....

10. કવિની દૃષ્ટિએ માના ટહુકાની શી વિશેષતા છે ?

.....

.....

.....

11. માતાની આંખોથી કવિને શું પ્રાપ્ત થાય છે ?

.....

.....

.....

.....

12. માતાની હેતની હેલીને કવિ કઈ રીતે સમજાવે છે ?

.....

.....

.....

.....

(ઈ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો :

13. કવિને મા પાસેથી શું શું મળે છે ?

.....

.....

.....

.....

.....

.....

14. તમને તમારી માતા શા કારણોથી ગમે છે ? તે જણાવો.

.....

.....

.....

.....

.....

.....

વિભાગ C : વ્યાકરણ વિભાગ

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**
- **નીચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

14. નીચેની શબ્દોની સાચી જોડણી શોધીને લખો :

(1) હૂફ, હૂંફ, હુંફ, હુફ ……

(2) સરિખી, સરિખિ, સરીખી, સરિખી ……

15. સંધિ છોડો :

(1) શયન (શૈ + અન, શે + અન, શેં + અન) ……

16. સંજ્ઞા ઓળખાવો :

(1) માયા (જાતિવાચક, સમૂહવાચક, ભાવવાચક) ……

(2) ટહુકો (ભાવવાચક, ક્રિયાવાચક, જાતિવાચક) ……

17. સમાનાર્થી શબ્દ જણાવો :

(1) મેહ (વરસાદ, મેસ, પાણી) ……

(2) ગોદ (ખોળો, ગોળી, ગાયો) ……

18. લિંગ ઓળખાવો :

(1) સંગીત (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) ……

(2) શિયાળો (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) ……

19. અલંકાર જણાવો :

(1) રસ્તા મળશે, રાહી મળશે, રાહત માની ક્યાં ? (વર્ણસગાઈ, પ્રાસસાંકળી, રૂપક)

……

(2) પલ્લવ ને પુષ્પો મળશે પાલવ માનો ક્યાં ? (વર્ણસગાઈ, પ્રાસસાંકળી, ઉપમા)

……

20. સમાસ જણાવો :

(1) શયનખંડ (કર્મધારય, તત્પુરુષ, ઉપપદ) ……

22. વિશેષણ જણાવો :

(1) ભર્યા ઉનાળે પરબ સરીખી છાયા માની ક્યાં ? .....

(2) બારે ઉંમરે મેહ હેતની હેલી માની ક્યાં ? .....

23. સર્વનામ જણાવો :

(1) છાંયા માની ક્યાં ? .....

(2) બારે ઉંમરે મેહ હેતની હેલી માની ક્યાં ? .....

24. નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો :

(1) છત્તર .....

(2) ગોદ .....

25. વિરુદ્ધાર્થી શબ્દ લખો :

(1) હાજર × ..... (2) હેત × .....

26. શબ્દસમૂહ માટે એક શબ્દ જણાવો :

(1) રસ્તામાં મુસાફરને પાણી પાવાની જગ્યા

27. ધ્વનિશ્રેણી છૂટી પાડો :

(1) પલ્લવ .....

વિભાગ D : લેખન વિભાગ

28. નિબંધલેખન :

મા તે મા બીજા વગડાના વા / માતૃપ્રેમ

.....

.....

.....

.....

.....

.....

8 ચતુષ્કોણ

વિભાગ - A

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (પ્રત્યેકનો 1 ગુણ)**

(1) સમાંતરબાજુ ચતુષ્કોણ ABCDમાં AB = 12 સેમી અને BC = 5 સેમી હોય, તો AC = 13 સેમી થાય. ☐

(2) સમાંતરબાજુ ચતુષ્કોણનો કોઈપણ વિકર્ણ તેનું બે એકરૂપ ત્રિકોણમાં વિભાજન કરે છે. ☐

(3) સમાંતરબાજુ ચતુષ્કોણમાં સામસામેની બાજુઓ અસમાન હોય છે. ☐

(4) સમાંતરબાજુ ચતુષ્કોણના વિકર્ણો પરસ્પર દુભાગે છે. ☐

(5) સમબાજુ ચતુષ્કોણના વિકર્ણો એકબીજાને લંબ હોય છે. ☐

- **નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)**

(6) સમલંબ ચતુષ્કોણ PQRS માં PQ || RS, PS અને QR નાં મધ્યબિંદુઓ અનુક્રમે M અને N છે. જો PQ = 18 સેમી અને MN = 15 સેમી હોય, તો RS = ...

(a) 3 સેમી (b) 6 સેમી (c) 12 સેમી (d) 9 સેમી

(7) ΔABC ની બાજુઓ AB, BC અને AC ના મધ્યબિંદુઓ અનુક્રમે P, Q અને R છે. જો ΔPQR ની પરિમિતિ 18.6 સેમી હોય, તો ΔABC ની પરિમિતિ ..... સેમી છે.

(a) 9.3 (b) 18.6 (c) 37.2 (d) 36.2

(8) લંબચોરસ ABCD ની પરિમિતિ 40 સેમી છે. જો AB : BC = 3 : 5 હોય, તો CD શોધો.

(a) 15 સેમી (b) 25 સેમી (c) 7.5 સેમી (d) 22.5 સેમી

(9) સમાંતરબાજુ ચતુષ્કોણ ABCDમાં AB = 8 સેમી અને BC = 5 સેમી હોય, તો ABCDની પરિમિતિ = ... સેમી

(a) 13 (b) 16 (c) 10 (d) 26

(10) સમલંબ ચતુષ્કોણ PQRSમાં PQ || RS છે. જો $\angle P = 70°$ અને $\angle Q = 85°$ હોય, તો $\angle S$ = ...

(a) 85° (b) 95° (c) 70° (d) 110°

(11) સમબાજુ ચતુષ્કોણ PQRSના વિકર્ણો M બિંદુમાં છેદે છે. જો PM = 3.8 સેમી અને QM = 5.2 સેમી હોય, તો QS = ... સેમી

(a) 7.6 (b) 10.4 (c) 9 (d) 1.4

(12) સમબાજુ ચતુષ્કોણ ABCDમાં AC = 40 સેમી અને BD = 42 સેમી હોય, તો AB = ... સેમી

(a) 58 (b) 29 (c) 116 (d) 72

(13) સમાંતરબાજુ ચતુષ્કોણ PQRSમાં $\angle P = 5x - 40°$ અને $\angle R = 3x + 10°$ હોય, તો x = ... સેમી

(a) 25 (b) 30 (c) 40 (d) 50

- **એક વાક્ય/શબ્દમાં ઉત્તર આપો : (પ્રત્યેકનો 1 ગુણ)**

(14) સમાંતરબાજુ ચતુષ્કોણ PQRS માં $\angle P = 70°$ હોય, તો $\angle R$ શોધો.

.....

.....

(15) બતાવો કે સમાંતરબાજુ ચતુષ્કોણના વિકર્ણો એકરૂપ હોય, તો તે લંબચોરસ છે.

.....

.....

(16) સમાંતરબાજુ ચતુષ્કોણના સામ સામેના ખૂણા $(2x + 16)°$ અને $(96 - x)°$ છે, તો x ની કિંમત શોધો.

.....

.....

(17) ΔABC માં બિંદુ D અને F એ અનુક્રમે AB અને AC ના મધ્યબિંદુઓ છે. જો BC = 8 સેમી હોય, તો DF ની લંબાઈ શોધો.

.....

.....

(18) વ્યાખ્યા આપો : (i) સમાંતરબાજુ ચતુષ્કોણ

.....

.....

(19) જે સમાંતરબાજુ ચતુષ્કોણના બધા જ ખૂણા અને બધી જ બાજુઓ એકરૂપ હોય તેને શું કહે છે ?


.....

.....

વિભાગ - B

- **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ટૂંકમાં ઉત્તર આપો : (પ્રત્યેકના 2 ગુણ)**

(20) ABCD સમાંતર બાજુ ચતુષ્કોણ છે. જો $\angle ADC = 75°$ અને આકૃતિમાં બતાવ્યા મુજબ AB બાજુને E સુધી લંબાવવામાં આવે છે તો $(x + y)$ શોધો.



(21) સમલંબ ચતુષ્કોણ PQRSમાં PQ || RS તથા $\angle P = \angle Q = 45°$ છે. તો $\angle R$ અને $\angle S$ નાં માપ શોધો.


(22) સાબિત કરો કે લંબચોરસનો દરેક ખૂણો કાટખૂણો હોય છે.

વિભાગ - C

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી ઉત્તર આપો : (પ્રત્યેકના 3 ગુણ)**

(23) સાબિત કરો કે સમાંતરબાજુ ચતુષ્કોણનો વિકર્ણ, ચતુષ્કોણને બે એકરૂપ ત્રિકોણોમાં વિભાજીત કરે છે.

(24) આકૃતિમાં સમાંતરબાજુ ચતુષ્કોણ ABCDની પરિમિતિ 40 સેમી છે,
તો x અને y વચ્ચેનો સંબંધ શોધો.



(25) સાબિત કરો કે સમાંતરબાજુ ચતુષ્કોણના વિકર્ણો સમાન હોય, તો તે લંબચોરસ છે.

વિભાગ - D

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી ઉત્તર આપો : (પ્રત્યેકના 3 ગુણ)**

(26) સમાંતર બાજુ ચતુષ્કોણના વિકર્ણો સમાન છે. સાબિત કરો કે તેની બાજુઓના મધ્યબિંદુઓને જોડવાથી મળતો ચતુષ્કોણ સમબાજુ ચતુષ્કોણ છે.

(27) □ABCD સમાંતરબાજુ ચતુષ્કોણ છે. વિકર્ણ BD પર બિંદુઓ A અને C માંથી દોરેલા વેધ AP અને CQ હોય, તો સાબિત કરો કે AP = CQ

(28) સમાંતરબાજુ ચતુષ્કોણ ABCD માં જો E એ BC નું મધ્યબિંદુ અને AE એ ∠A નો દ્વિભાજક હોય તો સાબિત કરો કે $AB = \frac{1}{2} AD$

(29) ABCD સમાંતરબાજુ ચતુષ્કોણ છે. AP એ $\angle A$ નો દ્વિભાજક અને CQ એ $\angle C$ નો દ્વિભાજક તેની સામેની બાજુને અનુક્રમે P અને Q માં છેદે છે, તો સાબિત કરો કે AP || CQ.

જવાબો :

(20) 210° (21) $\angle R = 135°$, $\angle S = 135°$ (24) $x + y = 9$

7 ADOLESCENTS SPEAK

Section A

- **Read the extracts and answer the questions given below :**

Anchor : Good evening friends. Welcome to the video conference arranged by the Youth Club, Ahmedabad. As you know, the subject of the conference is 'What's the way out?' Teenagers of Gujarat would discuss their problems with wellknown counsellors of the State, Dr. Chandrakant Shah and Mr. Saurabh Bakshi. They will try to show the teenagers the right way. Let's begin the conference with a questions from a 15 year boy.

1. What is the subject of the conference?

⇒ _____

2. Who will discuss their problems?

⇒ _____

Mr. Shah : Good evening, Jignesh. What's your problem? Tell us.

Jignesh : Lack of self confidence is my problem. It has led me to indecisiveness. I cannot take a quick decision. And, I feel I waste my time. I prepare a timetable but can't follow it. How can I build up my confidence?

Mr. Bakshi : In which class are your studying Jignesh?

Jignesh : I'm in class X.

3. Who has the problem of lack of confidence?

⇒ _____

4. How does Jignesh feel?

⇒ _____

5. In which standard is Jignesh studying?

⇒ _____

6. Who asked about the problem?

⇒ _____

- **Use the set of words in your sentences meaningfully :**

7. self-confidence - quick decision

⇒ _____

8. chew - Gutkha - spoil

⇒ _____

9. read - books - articles - play -games

⇒ _____

Section B

- **Write who said the following sentences to whom :**

10. "I'm from Devgadh Baria."

⇒ _____

11. "I go for monthly planning."

⇒ _____

12. "They will try to show the teenagers the right way."

⇒ _____

13. "Jignesh will be a confident man."

⇒ _____

14. "Pimples are common at this age."

⇒ _____

- **Fill in the blanks choosing the correct words given in the brackets :**

(on, sleep, at, eat, to, toothache, or, too)

15. Sonia had a severe _____ . She could not _____ anything nor could she go _____ school. Studying _____ home was also impossible due to pain. She was also not able to _____ .

- **Tick mark the word having almost the opposite meaning :**

16.	**encourage**	☐	inspire	☐	cofident	☐	discourage	☐ courage
17.	**difficult**	☐	hard	☐	easy	☐	different	☐ impossible
18.	**like**	☐	hate	☐	dislike	☐	unenjoy	☐ favour
19.	**long**	☐	tiny	☐	piece	☐	short	☐ small
20.	**achieve**	☐	gain	☐	receive	☐	lose	☐ regain
21.	**conclude**	☐	begin	☐	state	☐	include	☐ disclose
22.	**interesting**	☐	tiring	☐	relaxing	☐	misinteresting	☐ uninteresting

Section C

- **Read the instructions after seeing the poster and do as directed.**

There is a poster on the door of Miki's room. There are some instructions in it. Read them.



23. No smile, no entry.
24. Don't open my drawer.
25. No comments on my music, please.

Now add three more such instructions of your own.

26. _____
27. _____
28. _____

- **Read the dialogue and complete the indirect narration given below choosing the correct option from the bracket :**

29. Mr. Shah : What have you done so far?
Dilshad : I've applied various creams but nothing has worked.
Mr. Shah : Dilshad, don't worry too much. Pimples are common at this age. They are sure to go.
Dilshad : But how? I'm tired of applying creams.

Ans.

Mr. Shah advise Dilshad not to worry too much and added that pimples _____ (are / where) common at that age.

- **Rewrite the paragraph choosing the correct options from the brackets :**

30. Whenever you feel like chewing gutkha, read _____ (a/an/the) interesting news item _____ (but/or/yet) article _____ (form/from) a newspaper or play _____ (in/out/on) the tabla.

Section D

- **Join the following sentences with the proper conjunctions :**

31. Whenever you feel like chewing gutkha. You have to read an interesting news. You have to read an article. (but, or, so)

⇒ _____

32. I have a habit of chewing gutkha. My teeth are spoiled. (if, because, for)

⇒ _____

- **Complete the dialogue using the message given below :**

33.

Message

Emilie,
Bhavin called this morning. Can he borrow your laptop? If yes, when could he pick it up?

34.

Message

Deep,
Chintu called yesterday. The farewell function of your seniors is on Saturday at 11 a.m. Don't forget to bring your music system.

35.

Message

Richa,
Anushka called. Her train arrives at 9 p.m. on Thursday. Please meet her in the AC waiting room area.

36.

Message

Trupti,
Shantanu called up. Are you going for the drama tonight? When does it start? Call him.

33. A : Can I speak to Emilie, please?

B : I think, he is not here. Do you want to leave a message?

A : Yes, please. This is Bhavin. Please, tell him if I could borrow _____ _____ .

Could you also ask what time can I _____?

B : Sure, I'll leave him the message.

34. A : Could I speak to Deep, please?

B : I'm sorry, but he's not here right now.

A : Oh, I see. This is Chintu. I'd like to leave a message. Could you please tell him that _____? Can you remind him to bring _____?

B : OK, Chintu, I'll give him your message.

35. A : Is Richa at home?

B : No, she isn't. Would you like to leave a message?

A : Yes, please. This is Anushka calling from Pune. Could you tell her that my train will arrive at 9 pm on Thursday? Would you inform her that _____ _____?

B : Alright, I'll give her the message.

36. A : I'd like to speak to Trupti, please.

B : She's not around. Can I take a message?

A : Yes. This is Shantanu.

Can you ask her whether she is _____?

And would you please ask her _____?

Oh, and please ask _____ .

B : OK, Shantanu, I'll convey your message to Trupti.

Section E

37. **You are going out on a long vacation. Think of a few things you would request your neighbour to do in your absence. Some hints are given in the brackets. Make list of instructions.**

(water plants, inform the milkman, feed the dog, pay electricity bill, inform the visitors)

⇒ _____

38. **Write about your feelings of teenage problems in about 50 words.**

(teenage - problems - indecisiveness - bad habbits - solution)

⇒ _____

3 પરમાણુઓ અને અણુઓ

વિભાગ : A

◆ **ખાલી જગ્યા પૂરો.**

1. ધાતુ અને અધાતુયુક્ત સંયોજનો જે વીજભારીત ઘટકો ધરાવે છે તેમને ..... કહે છે.
2. કોબાલ્ટ તત્ત્વની સંજ્ઞા ..... છે.
3. એક જ તત્ત્વના પરમાણુઓ અથવા જુદા જુદા તત્ત્વોના પરમાણુઓ પરસ્પર સંયોજાઈને .... બનાવે છે.
4. એક રાસાયણિક પ્રક્રિયા દરમિયાન પ્રક્રિયકોનું કુલ દળ અને નીપજોનું કુલ દળ સમાન રહે છે, આને .... નિયમ કહેવાય છે.
5. ચોક્કસ વીજભાર ધરાવતો પરમાણુનો સમૂહ એટલે ..... .
6. કોઈ પણ તત્ત્વની સંયોજાવાની શક્તિને તે તત્ત્વની ..... કહે છે.
7. Pb સંજ્ઞા ધરાવતાં તત્ત્વનું નામ ..... છે.
8. ડાલ્ટન દ્વારા દર્શાવાયેલ લોખંડની સંજ્ઞા ..... છે.

◆ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં કે એક શબ્દમાં ઉત્તર આપો.**

9. પરમાણ્વીય દળ જાણવા માટે કયા તત્વના સમસ્થાનિકને પ્રમાણિત સંદર્ભ તરીકે પસંદ કરવામાં આવ્યો?

   .....

   .....

10. પાણીમાં હાઇડ્રોજન અને ઓક્સિજનનો દળથી ગુણોત્તર કેટલો છે?

    .....

    .....

11. આર્ગોનની સંજ્ઞા કઈ છે?

    .....

12. સોડિયમ કાર્બોનેટનું રાસાયણિક સૂત્ર લખો.

    .....

13. પરમાણ્વીયતા એટલે શું?

    .....

    .....

14. પૂરું નામ આપો : IUPAC

    .....

.....

.....

.....

◆ **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

15. સોડિયમ ક્લોરાઇડ (NaCl) માં સોડિયમ આયન (Na^+) ને કેટાયન અને ક્લોરાઈડ આયન ($C1^-$)ને એનાયન કહે છે. ☐

16. ઓક્સિજન અણુ દ્વિ-પરમાણ્વીય અણુ છે. ☐

17. હિલિયમ અણુ દ્વિ-પરમાણ્વીય અણુ છે. ☐

18. ઝિંક તત્ત્વની સંજ્ઞા Zn છે. ☐

19. કોઈપણ તત્ત્વના પરમાણુના સરેરાશ દળની કાર્બન-12 પરમાણુના દળના 1/12 ભાગ સાથે સરખામણી કરી તે તત્ત્વના સાપેક્ષ પરમાણ્વીય દળને વ્યાખ્યાયિત કરવામાં આવે છે. ☐

20. એક જ તત્ત્વના પરમાણુઓના રાસાયણિક ગુણધર્મો સમાન હોય છે. ☐

21. સોડિયમ અને ઓક્સિજન તત્ત્વોથી બનતા સંયોજનનું સૂત્ર NaO છે. ☐

22. બે જુદાજુદા તત્ત્વોથી બનતા સૌથી સરળ સંયોજનોને દ્વિઅંગી સંયોજનો કહે છે. ☐

◆ **આપેલા દરેક પ્રશ્નો માટે તેની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

23. રાસાયણિક સંયોગીકરણના બે મહત્વના નિયમો ની રજૂઆત નીચેના પૈકી કોણે કરી? ☐

(a) એન્ટોની એલ. લેવોઈઝર (b) લ્યુસીપસ

(c) ડેમોક્રિટ્સ (d) આપેલ પૈકી એક પણ નહીં

24. કોઈપણ રાસાયણિક પ્રક્રિયામાં દ્રવ્યનું સર્જન કે વિનાશ થતો નથી." આ વિધાન કયો નિયમ દર્શાવે છે? ☐

(a) નિશ્ચિત પ્રમાણનો નિયમ (b) દળ-સંચયનો નિયમ

(c) ડાલ્ટનનો નિયમ (d) આપેલ પૈકી એક પણ નહીં

25. સોડિયમ તત્ત્વની સંજ્ઞા ..... છે. ☐

(a) S (b) Na

(c) Ca (d) Sc

26. નિશ્ચિત પ્રમાણના નિયમની રજૂઆત ..... એ કરી. ☐

(a) ડાલ્ટન (b) પ્રાઉસ્ટ

(c) ડેમોક્રિટસ (d) બર્ઝેલિયસ

27. ..... એ સૂચવ્યું કે તત્ત્વોની સંજ્ઞાને તેમના નામના એક અથવા બે અક્ષરોથી દર્શાવી શકાય.

(a) ડાલ્ટન (b) પ્રાઉસ્ટ

(c) ડેમોક્રિટસ (d) બર્ઝેલિયસ

28. નીચેના પૈકી ..... દ્વિપરમાણ્વીય અણુ છે.

(a) હિલિયમ (b) સલ્ફર

(c) ફોસ્ફરસ (d) ક્લોરિન

29. પરમાણુ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(a) પરમાણુઓ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા નથી.

(b) પરમાણુઓ, અણુઓ અને આયનો બનાવવા માટેના પાયાનાં ઘટકો છે.

(c) પરમાણુ હંમેશાં તટસ્થ સ્વભાવના હોય છે.

(d) પરમાણુઓ મોટી સંખ્યામાં ભેગા થઈ દ્રવ્ય બનાવે છે જેને આપણે જોઈ શકીએ છીએ. સ્પર્શ કરી શકીએ છીએ અને અનુભવી શકીએ છે.

30. Cu સંજ્ઞા ..... તત્ત્વની છે.

(a) સોનું (b) ચાંદી

(c) યુરેનિયમ (d) કોપર

◆ જોડકાં જોડો :

31.

વિભાગ A (તત્ત્વ)	જવાબ	વિભાગ B (સંજ્ઞા)
1. પોટેશિયમ		a. Au
2. સોનું		b. P
3. ચાંદી		c. Cl
4. ફોસ્ફરસ		d. K
5. ક્લોરિન		e. Ag

32.

વિભાગ A (સંયોજન)	જવાબ	વિભાગ B (સુત્ર)
1. સોડિયમ સલ્ફેટ		a. CaO
2. ક્વિક લાઈમ		b. $MgCl_2$
3. મેગ્નેશિયમ ક્લોરાઈડ		c. $NaNO_3$
4. સોડિયમ નાઈટ્રેટ		d. Na_2SO_4

33.

વિભાગ A (તત્ત્વજ્ઞાની)	જવાબ	વિભાગ B (ધારણા)
1. મહર્ષિ કણાદ		a. રાસાયણિક પ્રક્રિયામાં દ્રવ્યનું સર્જન કે વિનાશ થતો નથી.
2. પકુધા કાત્યાયમ		b. વિભાજન ન થઈ શકે તેવા અત્યંત સૂક્ષ્મ કણોને પરમાણુ નામ આપ્યું.
		c. પરમાણુ સંયુક્ત અસ્તિત્વ ધરાવે છે, જે દ્રવ્યને વિવિધ સ્વરૂપો આપે છે.

વિભાગ : B

◆ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.**

34. HNO_3 ના સાપેક્ષ આણ્વીય દળની ગણતરી કરો. Hનું પરમાણ્વીય દળ= 1 u, Nનું પરમાણ્વીય દળ=14u Oનું પરમાણ્વીય દળ = 16u

.....

.....

.....

.....

35. કોઈ એક પરમાણુને નરી આંખે જોવો શા માટે શક્ય નથી?

.....

.....

.....

.....

36. સંયોજકતા એટલે શું?

.....

.....

.....

.....

. દળ સંચયનો નિયમ જણાવો.

.....

.....

.....

વિભાગ : C

◆ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.**

37. ડાલ્ટનના પરમાણ્વીય સિદ્ધાંતની અભિધારણાઓ જણાવો.

.....

.....

.....

.....

.....

.....

38. નીચે આપેલ તત્ત્વોને +1, +2 કે -1 સંયોજકતા ધરાવતા તત્ત્વોમાં વર્ગીકૃત કરો:

સોડિયમ, મેગ્નેશિયમ, બ્રોમીન, આયોડિન, કેલ્શિયમ, ઝિંક

.....

.....

.....

.....

.....

39. નીચે આપેલ સંયોજનો અણુસૂત્રો જણાવો:

1. એલ્યુમિનિયમ સલ્ફેટ 2. એમોનિયમ સલ્ફેટ 3. પોટેશિયમ નાઈટ્રેટ

.....

.....

.....

.....

.....

.....

40. નિશ્ચિત પ્રમાણનો નિયમ ઉદાહરણ દ્વારા સમજાવો.

.....

.....

.....

.....

41. રાસાયણિક સૂત્રો લખતી વખતે કયા નિયમોનું પાલન કરવું જોઈએ?

.....

.....

.....

.....

.....

.....

42. આણ્વીય દળ અને સૂત્ર એકમ દળ એટલે શું?

.....

.....

.....

.....

વિભાગ : D

◆ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.**

43. આયન એટલે શું ? ઉદાહરણ આપી સમજાવો

.....

.....

.....

.....

44. પરમાણ્વીય દળ વિશે સમજ આપો

.....

.....

.....

.....

.....

6 1945 પછીનું વિશ્વ

પ્રશ્ન-1 'અ' વિભાગની વિગતોને 'બ' વિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ખાલી જગ્યામાં લખો :

(1)

(A)	ઉત્તર	(B)
1. સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના	1 _____	(A) 1948
2. 'નાટો' સંગઠનની રચના	2 _____	(B) 1961
3. મ્યાનમાર અને શ્રીલંકા સ્વતંત્ર	3 _____	(C) 1998
4. બિનજોડાણવાદી આંદોલન સંસ્થાની સ્થાપના	4 _____	(D) એપ્રિલ, 1949
5. ભારત દ્વારા પરમાણુ અખતરો	5 _____	(E) 24 ઓક્ટોબર 1945
		(F) 1955

(2)

(A)	ઉત્તર	(B)
1. જર્મનીનું એકીકરણ	1 _____	(A) 1949
2. ભારત ઉપર ચીનનું આક્રમણ	2 _____	(B) 11 સપ્ટેમ્બર, 2001
3. ઈન્ડોનેશિયાને સ્વતંત્રતા મળી	3 _____	(C) 2003
4. વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો	4 _____	(D) 3 ઓક્ટોબર, 1990
5. 13 મું NAM શિખર સંમેલન	5 _____	(E) 1962
		(F) 1985

પ્રશ્ન-2 નીચે આપેલા વિધાનો વાંચી ખરા વિધાન સામે (✓) અને ખોટા વિધાન સામે (✗) નિશાની કરો.

1. બીજુ વિશ્વયુદ્ધ 1940માં શરૂ થયું હતું. ☐
2. સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ આમુખથી થાય છે. ☐
3. રશિયાએ 1949માં અણુ અખતરો કર્યો હતો. ☐
4. વિશ્વની બે મહાસત્તા અમેરિકા અને ભારતમાં વિશ્વ વહેંચાઈ ગયું. ☐
5. રશિયાએ 'વૉર્સો કરાર' નામે સૈનિક સંગઠનની રચના કરી હતી. ☐

પ્રશ્ન-3 કૌંસમાં આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

1. ઈંગ્લેન્ડની પ્રેરણાથી ..... જૂથ રચવામાં આવ્યું. (સીઆટો, સેન્ટો, નાટો)
2. ભારતના 66માં પ્રજાસત્તાક દિન સમારોહમાં ..... દેશના પ્રમુખ મુખ્ય મહેમાન બની મુલાકાત લીધી હતી.

(અમેરિકા, રશિયા, ચીન)

3. ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ યુદ્ધ ..... માં થયું હતું. (1997, 1998, 1999)

4. સોવિયન યુનિયનના નેતૃત્વ હેઠળના દેશો ..... વિચારધારામાં માનતા હતા.

(લોકશાહી, સામ્યવાદી, ઉદારમતવાદી)

5. સોવિયત યુનિયને બર્લિનની નાકાબંધી ..... માં જાહેર કરી. (માર્ચ-1948, એપ્રિલ-1948, જૂન-1949)

પ્રશ્ન-4 આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રશ્ન સામે આપેલ ☐ માં લખો :

1. ભારતમાં ભારે ઉદ્યોગ સ્થાપવામાં, સંરક્ષણ ક્ષેત્રે સજ્જ થવામાં કયા દેશે આર્થિક અને તકનિકી મદદ કરી હતી? ☐

(A) અમેરિકા (B) ચીન (C) રશિયા (D) ઈંગ્લેન્ડ

2. ભારત કયા દેશના પાર્લામેન્ટ હાઉસનું બાંધકામ કરે છે? ☐

(A) શ્રીલંકા (B) જાપાન (C) અફઘાનિસ્તાન (D) પાકિસ્તાન

3. દક્ષિણ અને પૂર્વ એશિયાના દેશોના રક્ષણ માટે કયા જૂથની રચના કરવામાં આવી? ☐

(A) નાટો (B) સીઆટો (C) સેન્ટો (D) વૉર્સો કરાર

4. 'હૉટ લાઈન' પર કયા દેશના વડાઓ સાથે વાત થઈ હતી? ☐

(A) અમેરિકા અને ચીન (B) ચીન અને સોવિયત યુનિયન

(C) અમેરિકા અને ભારત (D) અમેરિકા અને સોવિયન યુનિયન

5. બિનજોડાણવાદની નીતિને કયા રાષ્ટ્રએ પ્રબળ સમર્થન આપ્યું હતું? ☐

(A) અમેરિકા (B) રશિયા (C) ઈન્ડોનેશિયા (D) ચીન

પ્રશ્ન-5 નીચે આપેલ પ્રશ્નોનાં એક-બે વાક્યમાં જવાબ આપો :

1. બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વની મહાસત્તાઓની નેતાગીરી કયા દેશોએ લીધી હતી? _____

_____

2. અમેરિકાએ કયા બે સ્થળો પર અણુબોમ્બ ફેંકી પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી હતી? _____

_____

3. ચીને કયા વર્ષમાં અણુ અખતરો કર્યો હતો? _____

_____

4. બાંગ્લાદેશ એક સાર્વભૌમ રાષ્ટ્ર બન્યુ તે પહેલાં કયા દેશનો ભાગ હતું? તે ક્યારે સ્વતંત્ર થયું? _____

_____

5. મિખાઈલ ગૉર્બાચોવ કેવું વલણ ધરાવતા હતા? _____

_____

પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો :

1. પુરૂ નામ જણાવો.

   (i) નાટો (NATO)

   (ii) સીઆટો (SEATO)

   (iii) સેન્ટો (CENTO)

   (iv) નામ (NAM)

   ---

2. નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો :

   (i) બિનજોડાણવાદી નીતિ :

   (ii) જર્મન ચમત્કાર :

   (iii) નિઃશસ્ત્રીકરણ :

પ્રશ્ન-7 નીચેનાં પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ આપો :

1. સંયુક્ત રાષ્ટ્રોનાં ખતપત્રમાં તેનાં કયા હેતુઓ દર્શાવ્યા છે?

   ---

2. ભારત અને અમેરિકા સાથેના સંબંધો વિશે વિગતે ચર્ચો કરો.

3. જર્મનીના એકીકરણની જરૂર કેમ પડી? આ ઐતિહાસિક ઘટના વિશે જણાવો.

4. ભારત અને રશિયા વચ્ચેનાં ગાઢ મૈત્રીભર્યા સંબંધોએ ભારતને કેવી રીતે મદદ કરી છે? ચર્ચા કરો.

5. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું પ્રદાન કેવું રહ્યું છે? સમજાવો.

6. 1947થી 1966 સુધીના સમયગાળા દરમ્યાન એશિયા અને આફ્રિકાના સ્વતંત્ર રાષ્ટ્રોનો ઉદય થયો તેની ચર્ચા કરો.


પ્રશ્ન-8 નીચેનાં પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ આપો :

1. ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ઓળખવામાં આવે છે તે ઘટના વિશે લખો.

2. પરમાણુ શસ્ત્રોનું સર્જન અને તેના ઉપયોગ વિશે વિગતે જણાવો.

3. બિનજોડાણવાદની નીતિમાં ભારતની ભૂમિકા સ્પષ્ટ કરો.

4. નીચેના નકશામાં ભારતના પડોશી રાષ્ટ્રોના નામ દર્શાવો :



16 કુદરતી

વિભાગ-A

(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :

(અ)	(બ)
1. 'કુદરતી' પાઠનો પ્રકાર	(1) કુદરતી
2. લાભશંકરનું ઉપનામ	(2) એકાંકી
3. કુદરતી પાઠના લેખક	(3) પુનર્વસુ
4. બાબુ	(4) લાભશંકર ઠાકર
	(5) લોકીની સગાઈ

(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

5. બાબુ અચાનક ..... પામે છે ને સાંજે પાછો ..... થાય છે. (જીવતો, વરદાન, મૃત્યુ)

6. બાબુને સ્વર્ગમાં ..... ભેગો થાય છે. (ઇન્દ્રાણી, દેવલો)

7. દેવલાએ બાબુને ..... કરવા કહ્યું. (પુણ્ય, પાપ)

8. ભેદભાવ ..... ના હોય. (નર્કમાં, સ્વર્ગમાં)

(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :

9. બાબુ સવારે પેશાબ કરવા જતાં અચાનક એનાથી કયા જીવને બચાવવાનું પુણ્ય થઈ જાય છે ?

.....

10. પ્રસ્તુત એકમમાં લેખકે શાનો મહિમા વર્ણવ્યો છે ?

.....

11. બાબુનો મિત્ર દેવલો સ્વર્ગમાં શું બની ગયો ?

.....

12. સ્વર્ગના નિયમ મુજબ કયું કાર્ય પુણ્ય ગણાય ?

.....

13. દેવલો કયા મેળામાં બૈરીનાં કપડાં પહેરી પટિયાં પાડી નાચતો હતો ?

.....

14. ઇન્દ્રરાજાએ ફટ ઊભા થઈને બાબુને શું કહીને બાથમાં લીધો ?

.....

15. સત્કાર્ય શાની અપેક્ષા વગર થવાં જોઈએ ?

.....

16. માણસમાં કેવા ગુણો હોવા જરૂરી છે ?

.....

17. બાબુ હરિકાકાને કોના હાથની રસોઈની વાત કરે છે ?

.....

18. કાશીમા શેનું આંધણ મૂકવાનું કહે છે ?

.....

(૬) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :

19. હરિલાલ કેમ છળી મરે છે ?

.....

.....

.....

.....

20. હરિલાલ પોતાના મોટાભાઈ કૃપાશંકર ઉપર કેમ ગુસ્સે થાય છે ?

.....

.....

.....

.....

21. પશો દાક્તર કેવો હતો ? તેણે બાબુને તપાસીને શું કહ્યું ?

.....

.....

.....

.....

22. બાબુને ઈન્દ્રે કેવો આવકાર આપ્યો ?

.....

.....

.....

.....

23. દેવલો સ્વર્ગની અપ્સરા કેમ થઈ શક્યો હતો ?

.....

.....

.....

.....

(ઈ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં ઉત્તર લખો :

24. બાબુનો સ્વર્ગનો અનુભવ તમારા શબ્દોમાં આલેખો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

25. 'કુદરતી' એકાંકી દ્વારા લેખક કયો સંદેશ આપે છે ?

.....

.....

.....

.....

.....

.....

.....

.....

વિભાગ C : વ્યાકરણ વિભાગ

● **નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :**

26. નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો :

(1) મુંઝારો ..... (મુંઝારો, મૂંઝારો, મુંજારો)

(2) પૃથ્વિલોક ..... (પ્રથિવલોક, પૃથ્વીલોક, પ્રથવલોક)

(3) ત્રીકાલ ..... (ત્રકાલ, ત્રિકાલ, તરીકાલ)

(4) અપ્શરા ..... (અપશરા, અપ્સરા, અપષરા)

27. નીચેના શબ્દની સાચી સંધિ પસંદ કરી લખો :

(1) ગાયન (ગે + અન + ન, ગાય્ + ન, ગૈ + અન) .....

28. નીચેની સંજ્ઞાઓના આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો :

(1) દેવલો (વ્યક્તિવાચક, ભાવવાચક, જાતિવાચક) .....

(2) દોસ્ત (વ્યક્તિવાચક, ભાવવાચક, જાતિવાચક) .....

(3) ઠંડક (સમૂહવાચક, ભાવવાચક, જાતિવાચક) .....

(4) ચા-સૂંઠ (દ્રવ્યવાચક, જાતિવાચક, સમૂહવાચક) .....

29. નીચેના શબ્દોનો સમાનાર્થી શબ્દ કૌંસમાંથી શોધીને લખો :

(1) રસમ (રીત-રિવાજ, રસ, રાશ) .....

(2) આવરદા (આયુષ્ય, આવડત, સાવરણો) .....

(3) જરૂર (નિર્ણય, અવશ્ય, જાજરૂ) .....

(4) ભાઈબંધ (ભાઈચારો, મિત્ર, ભલાઈ) .....

30. નીચેના શબ્દોમાં કયો પ્રત્યય રહેલો છે તે જણાવો :

(1) અપ્સરા (પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એકપણ પ્રત્યય નહીં) .....

(2) કકળાટ (પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એકપણ પ્રત્યય નહીં) .....

31. નીચેના શબ્દોના લિંગ ઓળખાવો :

(1) દેવદૂત (પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ) .....

(2) દેવાંશી (પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ) .....

(3) અપ્સરા (પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ) .....

32. નીચેના શબ્દોનો સાચો સમાસ પ્રકાર ઓળખાવો :

(1) રોકકળ (દ્વન્દ્વ, તત્પુરુષ, ઉપપદ) .....

(2) દેવદૂત (કર્મધારય, તત્પુરુષ, દ્વન્દ્વ) .....

(3) મનોકામના (ઉપપદ, તત્પુરુષ, કર્મધારય) .....

(4) મા-બાપ (દ્વન્દ્વ, ઉપપદ, તત્પુરુષ,) .....

● **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**

33. નીચેનાં વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર લખો :

(1) મારો સાત ખોટનો બાબુડો. .....

(2) ટાઢાંબોળ વાદળાંને કારણે શરદી થઈ. .....

(3) ત્યારે ઈની પાછળ ચોવીસ ગામની નાત થયેલી. .....

(4) દેવદૂતોએ મારા હાથ બાવડેથી ઝાલેલા. .....

(5) અંબોડલે સોહે સોહામણી ઝૂલ. .....

(6) દેવાંશી હારે થોડો આરામ કરો. .....

34. નીચેના વાક્યમાંથી સવર્નામ શોધો :

(1) તમે જાવ તો તમને ચંદુરાજ કહે. .....

35. નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખો :

(1) આભડ્યો .....

(2) ઓણ .....

(3) ઝટ .....

(4) તઈ .....

(5) બઉ .....

(9) એરુ .....

(10) ભૈ .....

(11) રાડ .....

(12) ડોહો .....

(13) ઝટ .....

(6) નીમ .....

(7) આઘા .....

(8) શીના .....

(14) પાંહે .....

(15) પૂન .....

36. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો :

(1) હર્ષ × .....

(2) સૂરીલું × .....

(3) મીઠાશ × .....

(4) સ્વર્ગ × .....

(5) પાપ × .....

(6) મોટેથી × .....

(7) રડવું × .....

(8) શાંતિ × .....

(9) કાળા × .....

(10) જીવવું × .....

37. નીચેનાં વાક્યોનો કાળ ઓળખાવો :

(1) બાબુ સ્વર્ગમાં ગયો હતો. .....

(2) કાશી ફોઈ તમે બેસો. .....

(3) બાબુ પુણ્ય કરજે. .....

38. નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ લખો :

(1) ડિંગ થઈ જવું. .....

(2) છળી મરવું. .....

(3) સાત ખોટના હોવું. .....

(4) ઝોલો આવવો. .....

(5) કશ ન રહેવો. .....

(6) ચાર હાથ હોવા. .....

(7) મન ડોલી જવું. .....

(8) ગળે ડૂમો બાઝી જવો. .....

(9) જીવમાં જીવ આવવો. .....

(10) ફૂંકી મારવું. .....

(11) માથું પકડાવું. .....

(12) આંખ ભીની થવી. .....

(13) માથું ભમી જવું. .....

(14) પટિયાં પાડવા. .....

39. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :

(1) મંગળપ્રસંગે કાંડા પર બાંધવામાં આવતી બે-ત્રણ રંગવાળી દોરી.

.....

(2) સવાર, બપોર અને સાંજ એમ ત્રણ વાર કરાતી વૈદિક ઉપાસનાની વિધિ કે સંધ્યા-વંદના

.....

40. કૌંસમાં આપેલ સૂચના મુજબ વાક્ય પરિવર્તન કરો :

(1) હરિલાલ પંખો નાખે છે. (કર્મણિ વાક્ય યોગ બનાવો)

.....

(2) ઈન્દ્રરાજાથી બંગલા પાન ખવાયું. (કર્તરિ વાક્ય બનાવો)

.....

(3) આપણો બાબુ તો જીવે છે. (નિષેધવાક્ય બનાવો)

.....

41. નીચે આપેલું વાક્ય સાદુ, સંયુક્ત કે સંકુલ છે તે જણાવો :

(1) ઈન્દ્રરાજાએ બાબુને સ્વર્ગમાં બોલાવ્યો, કારણ કે તેઓ દેવાંશી - દેવલાની મનોકામના પૂરી કરવા માગતા હતા.

.....

વિભાગ D : લેખન વિભાગ

42. નિબંધ લખો :

દાનનો મહિમા

.....

.....

.....

.....

.....

.....

9 વર્તુળ

વિભાગ - A

- **નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (દરેકનો 1 ગુણ)**

(1) વર્તુળની સમાન જીવાઓ, વર્તુળના કેન્દ્ર આગળ સમાન ખૂણા આંતરે છે. ☐

(2) જો વર્તુળમાં $\angle AOB = \angle COD$ હોય તો $\Delta AOB = \Delta COD$ થશે. ☐

(3) વર્તુળના કેન્દ્રમાંથી દોરેલી રેખા જીવાને દુભાગે. ☐

(4) બિંદુથી રેખાના લંબઅંતરને જીવા કહે છે. ☐

(5) વર્તુળની સમાન જીવાઓની સંખ્યા સાન્ત હોય છે. ☐

(6) ચક્રીય ચતુષ્કોણના સામસામેના ખૂણાનો સરવાળો 90° હોય છે. ☐

- **નીચેનું વિધાન સાચું બને તે રીતે ખાલી જગ્યા પૂરો. (દરેકનો 1 ગુણ)**

(7) એક જ વૃત્તખંડમાં આવેલા ખૂણાઓ ..... હોય છે.

(8) વર્તુળનો ચાપ PQ એ કેન્દ્ર O આગળ $\angle POQ$ આંતરે છે, વર્તુળના બાકીના ભાગ પરના બિંદુ A આગળ $\angle PAQ$ આંતરે છે, જો $\angle PAQ = 65°$ હોય તો $\angle POQ =$ .....

(9) અર્ધવર્તુળનો અંતર્ગત ખૂણો ..... હોય છે.

(10) ચક્રીય ચતુષ્કોણમાં સામસામેના પ્રત્યેક જોડના ખૂણાના માપનો સરવાળો ..... થાય છે.

(11) ચક્રીય ચતુષ્કોણ ABCD માં $\angle A = 80°$ અને $\angle B = 75°$ હોય તો $\angle D =$ ..... થાય.

- **નીચેના દરેક વિધાન માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (દરેકનો 1 ગુણ)**

(12) 10 સેમી ત્રિજ્યાવાળા વર્તુળમાં વર્તુળના કેન્દ્રથી 6 સેમી દૂર આવેલી જીવાની લંબાઈ ..... થાય.

(a) 4 સેમી (b) 5 સેમી (c) 8 સેમી (d) 16 સેમી

(13) P કેન્દ્રિત વર્તુળમાં AB અને CD સમાન જીવાઓ છે. જો $\angle APB = 80°$ હોય, તો $\angle PCD =$ .....

(a) 80° (b) 100° (c) 50° (d) 40°

(14) P કેન્દ્રિત વર્તુળની જીવા AB ની લંબાઈ 8 સેમી અને વર્તુળની ત્રિજ્યા 8 સેમી છે, તો $\angle APB =$ .....

(a) 60° (b) 75° (c) 90° (d) 120°

(15) ચક્રીય ચતુષ્કોણ ABCD માં $\angle A = 2x - 10°$ અને $\angle C = 3x - 35°$ હોય, તો $\angle A$ = ...

(a) 62° (b) 72° (c) 80° (d) 82°

(16) એક બિંદુમાંથી ..... વર્તુળ પસાર થાય છે.

(a) 2 (b) 1 (c) 3 (d) અસંખ્ય

(17) 8 સેમી લંબાઈવાળી જીવાનું કેન્દ્રથી અંતર 3 સેમી હોય તો વર્તુળનો વ્યાસ ..... થાય.

(a) 5 (b) 4 (c) 10 (d) 8

(18) એક જ સમતલમાં આવેલા બે વર્તુળોને વધુમાં વધુ ..... સામાન્ય જીવા હોય.

(a) 1 (b) 2 (c) 3 (d) 4


(19) અર્ધવર્તુળમાં અંતર્ગત ખૂણો હંમેશા ..... હોય છે.

(a) લઘુકોણ (b) કાટકોણ (c) સરળકોણ (d) ગુરૂકોણ


વિભાગ - B

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. (દરેકનો 2 ગુણ)**

(20) આકૃતિમાં દર્શાવ્યા મુજબ $\angle ACB = 40°$ હોય, તો $\angle AOB$ શોધો.




(21) આકૃતિમાં O એ વર્તુળનું કેન્દ્ર છે. જો $\angle ACB = 30°$, તો $\angle ABC$ શોધો.




(22) 13 સેમી ત્રિજ્યાવાળા વર્તુળમાં વર્તુળના કેન્દ્રથી 12 સેમી અંતરે આવેલી જીવાની લંબાઈ શોધો.

(23) આકૃતિમાં $\angle ABC = 69°$, $\angle ACB = 31°$ છે, તો $\angle BDC$ શોધો.



(24) આકૃતિમાં x અને y ની કિંમત શોધો.



(25) સાબિત કરો કે, ચક્રીય સમાંતરબાજુ ચતુષ્કોણ એ લંબચોરસ છે.

વિભાગ - C

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. (દરેકનો 3 ગુણ)**


(26) 5 સેમી અને 3 સેમી ત્રિજ્યાવાળા બે વર્તુળો બે બિંદુમાં છેદે છે અને તેમના કેન્દ્ર વચ્ચેનું અંતર 4 સેમી છે. સામાન્ય જીવાની લંબાઈ શોધો.

(27) એક વિહારસ્થાનમાં 5 મીટર ત્રિજ્યાવાળા દોરેલા વર્તુળ પર રમત રમવા માટે ત્રણ છોકરીઓ રેશમા, સલમા અને મનદીપ ઊભાં છે. રેશમા દડાને સલમા તરફ ફેંકે છે. સલમા મનદીપ તરફ અને મનદીપ રેશમા તરફ દડો ફેંકે છે. જો રેશમા અને સલમા વચ્ચેનું તથા સલમા અને મનદીપ વચ્ચેનું દરેક અંતર 6 મી હોય તો રેશમા અને મનદીપ વચ્ચેનું અંતર કેટલું હશે ?

(28) સાબિત કરો કે વર્તુળની સમાન જીવાઓ, વર્તુળના કેન્દ્ર આગળ સમાન ખૂણા આંતરે છે.

(29) વર્તુળના કેન્દ્રમાંથી પસાર થતી રેખા જીવાને દુભાગે છે, તો તે રેખા જીવાને લંબ છે તેમ સાબિત કરો.

(30) આકૃતિમાં PQRS ચક્રીય ચતુષ્કોણ છે. તેમાં દરેક ખૂણાનું માપ શોધો.




વિભાગ - D

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. (દરેકનો 4 ગુણ)**


(31) સાબિત કરો કે, વર્તુળના ચાપે કેન્દ્ર આગળ આંતરેલો ખૂણો તે ચાપે વર્તુળના બાકીના ભાગ પરના કોઈપણ બિંદુ આગળ આંતરેલા ખૂણા કરતાં બમણો હોય છે.

(32) જો O કેન્દ્રવાળા બે સમકેન્દ્રી વર્તુળોને એક રેખા અનુક્રમે A, B, C અને D માં છેદે, તો સાબિત કરો કે AB = CD.




(33) જે ચક્રીય ચતુષ્કોણના વિકર્ણો એ ચતુષ્કોણના શિરોબિંદુઓમાંથી પસાર થતા વર્તુળના વ્યાસ હોય, તો સાબિત કરો કે તે લંબચોરસ છે.

(34) આકૃતિમાં વર્તુળ પર ચાર બિંદુઓ A, B, C અને D આવેલાં છે. AC અને BD એ E બિંદુએ એવી રીતે છેદે છે, કે જેથી $\angle BEC = 130°$ અને $\angle ECD = 20°$ તો $\angle BAC$ શોધો.




(35) આકૃતિ પરથી x નું મૂલ્ય શોધો.

(1)



(2)



જવાબો :

(20) 80° (21) 60° (22) 10 સેમી (23) 80°

(24) $x = 30°$, $y = 120°$ (26) 6 સેમી (27) 9.6 મી

(30) $\angle P = 150°, \angle R = 30°, \angle Q = 135°, \angle S = 45°$

(34) 110° (35) (i) 65° (ii) 50°

સ્પર્શ

શું યોગ્ય છે?

શું અયોગ્ય છે?

પરંતુ,
જાણવું જરૂરી છે.



માતાનું આલિંગન



પીઠ પાછળ અપાતી શાબાશી



મિત્રો અને કોય તરફથી મળતું હાય હેલ્લો



જેનાથી તમને સુરક્ષા અને સારું લાગે



આપણને અસુરક્ષિત અને અસ્વસ્થતા લાગે



આપણને લાગે કે કંઇક ખોટું થઇ રહ્યું છે



આપણે જ્યાં નથી ઈચ્છતા ત્યાં સ્પર્શ કરવામાં આવે

તમને કોઈ ખરાબ રીતે સ્પર્શ કરે ત્યારે


- **"ના"** પાડો
- તે વ્યક્તિથી **"દુર"** થઇ જાઓ
- કોઈ સજ્જન લગતી વ્યક્તિને **"બુમ"** પાડીને બોલાવો.

સજાગ રહો
સુરક્ષિત રહો

સ્વઅધ્યયનપોથી

ધોરણ 9

ભાગ 4



ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર ૧૭, ગાંધીનગર

આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ ૨૦૨૪-૨૫)